For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**વિકાસની ગતિને નવી પાંખો** સ્વચ્છ વડોદરાને મોદીની શાબાશી, ગંદકી ન કરવાની અપીલ : નાગરિકોને સ્વચ્છતાનો સંકલ્પ લેવા હાકલ

# ‘વડોદરાને હવે ગંદુ થવા જ નથી દેવું’ : મોદીની ટકોર

**ગણેશોત્સવ-નવરાત્રી** પહેલાંની સફાઈ ઝુંબેશને જનભાગીદારીનું ઉત્તમ ઉદાહરણ ગણાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શહેરના નાગરિકો દ્વારા હાથ ધરાયેલા સ્વચ્છતા અને જનસેવાના અભિયાનની મુક્તકંઠે પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ગણેશોત્સવ અને નવરાત્રી જેવા પવિત્ર પર્વો પહેલાં વડોદરાના નાગરિકોએ ભક્તિભાવથી જે સફાઈ ઝુંબેશ હાથ ધરી છે, તે પ્રશંસનીય છે.



પ્રધાનમંત્રીએ કહ્યું કે, “મેં ગઈકાલે વડોદરાનો એક સ્વચ્છતા અને જનસેવાનો સુંદર વીડિયો સોશિયલ મીડિયા પર જોયો, જેને જોઈને મારું હૃદય ગર્વથી ભરાઈ ગયું.” તેમણે વડોદરાવાસીઓની જનભાગીદારીને બિરદાવતાં કહ્યું કે આવી સેવા અને સ્વચ્છતાની ભાવનાથી વિઘ્નહર્તા ગણેશજીના આશીર્વાદ વડોદરા પર વરસશે.

ઉદબોધનના સમાપન સમયે પ્રધાનમંત્રીએ વડોદરા સાથેના પોતાના લાગણીસભર જોડાણને યાદ કરતાં નાગરિકોને સ્વચ્છતા જાળવવાનો સંકલ્પ લેવા અપીલ કરી હતી.

તેમણે ગુજરાતીમાં કહ્યું, “મારું એક કામ કરશો? વડોદરાને આટલું સ્વચ્છ બનાવી દીધું, પણ હવે વડોદરાને ગંદુ થવા જ નથી દેવું... આપણે પોતે ક્યારેય ગંદકી નહીં કરીએ એવો સંકલ્પ લઈએ.” પ્રધાનમંત્રીની આ અપીલને ઉપસ્થિત હજારો યુવાનો અને નાગરિકોએ તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધી હતી અને વડોદરાને સ્વચ્છ રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

### સપ્તાહમાં 7,700 મેટ્રિક ટનથી વધુ કચરાનો નિકાલ

પ્રધાનમંત્રીના વડોદરા આગમન પૂર્વે વહીવટી તંત્ર અને નાગરિકોના સંયુક્ત ઉપક્રમે શહેરમાં એક સપ્તાહનું સઘન સેવા અને સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું. જનભાગીદારીથી ચાલેલા આ અભિયાન દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. સમગ્ર અભિયાન અંતર્ગત 7,700 મેટ્રિક ટનથી વધુ કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. વહીવટી તંત્ર અને નાગરિકોની સંયુક્ત ભાગીદારીથી હાથ ધરાયેલ આ અભિયાન વડોદરાને સ્વચ્છ અને સુંદર બનાવવા માટેના જનસહયોગનું ઉદાહરણ બન્યું છે.

### વડોદરાના ઔદ્યોગિક વારસાને PMએ યાદ કર્યો

વડોદરાના ઔદ્યોગિક વારસાને યાદ કરતાં પ્રધાનમંત્રીએ ટેક્સટાઇલથી પેટ્રોકેમિકલ્સ સુધી શહેરના વિકાસનો ઉલ્લેખ કર્યો હતો. વડાપ્રધાને જ્યોતિ લિ. અને એલેમ્બિકને પણ ખાસ યાદ કર્યા હતા. C-295 સૈન્ય પરિવહન વિમાનની પ્રથમ ઉડાન વડોદરાની ધરતી પરથી થઇ હોવાનો ઉલ્લેખ કરીને તેમણે શહેરની ઔદ્યોગિક ક્ષમતાને બિરદાવી હતી. તેમણે જણાવ્યું કે ભારત હવે રેલવે કોચ, વેગન અને એન્જિનના મોટા ઉત્પાદક તરીકે ઉભરી રહ્યું છે. 2014 પછી દેશે 50,000 આધુનિક રેલવે કોચનું ઉત્પાદન કર્યું છે અને રેલવે નેટવર્કમાં આશરે 2.5 લાખ વેગન ઉમેરવામાં આવ્યા છે.

### ‘અશક્ય લાગતા પ્રોજેક્ટ્સ પણ સાકાર’ : મુખ્યમંત્રી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડોદરાને ટ્રાન્સપોર્ટેશન, કનેક્ટિવિટી, આવાસ, પાણી પુરવઠો, રોડ-રસ્તા અને શહેરી વિકાસના વિવિધ પ્રોજેક્ટ્સની ભેટ મળ્યાનું



જણાવ્યું હતું. તેમણે કહ્યું કે ડબલ એન્જિન સરકારના ડબલ લાભથી ગુજરાતની વિકાસયાત્રાને નવી ગતિ મળશે. વડાપ્રધાનના નેતૃત્વમાં દેશની કનેક્ટિવિટી અને લોજિસ્ટિક્સનું સમગ્ર ચિત્ર બદલાયું હોવાનું તેમણે જણાવ્યું. ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોરને કૃષિ ઉત્પાદનો, ઔદ્યોગિક ઉત્પાદનો અને અન્ય માલસામાનના ઝડપી પરિવહન માટે મહત્વપૂર્ણ ગણાવતા મુખ્યમંત્રીએ કહ્યું કે એક સમયે મોટા પ્રોજેક્ટ્સ પૂર્ણ થશે કે નહીં તે અંગે લોકો શંકા કરતા હતા, પરંતુ હવે અશક્ય લાગતા પ્રોજેક્ટ્સ પણ ઝડપથી સાકાર થઈ રહ્યા છે.

### રેલવેમાં મોટું આધુનિકીકરણ : કેન્દ્રીય રેલવે મંત્રી

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે ફ્રેઇટ કોરિડોરની કલ્પના સ્વર્ણિમ ચતુર્ભુજ હાઇવેની સાથે કરવામાં આવી હતી. તેમના જણાવ્યા મુજબ,



2014 પહેલાં ફ્રેઇટ કોરિડોરનું એક કિલોમીટર પણ કામ થયું ન હતું. તેમણે જણાવ્યું કે રેલવે સ્ટેશન, ટ્રેક, વીજળીના વાયર, સિગ્નલિંગ અને ઓપરેટિંગ સિસ્ટમ સહિત સમગ્ર રેલવે માળખાનું આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે. વંદે ભારત, અમૃત ભારત, નમો ભારત અને કાર્ગો ટ્રેન જેવી નવી સેવાઓનો ઉલ્લેખ કરતાં વૈષ્ણવે કહ્યું કે રેલવેમાં પણ સ્વર્ણિમ ચતુર્ભુજ હાઇવે જેવો મોટો પરિવર્તન લાવવામાં આવી રહ્યો છે. અશ્વિની વૈષ્ણવના જણાવ્યા મુજબ, આવતા વર્ષે મે-જૂન સુધીમાં ભારતમાં બનેલી બુલેટ ટ્રેન ટેસ્ટિંગ માટે રેલવે ટ્રેક પર આવશે.



## ‘મોદીજી ઓરા’: વડોદરામાં યુવાઓમાં છવાયો ‘નમો’ ઉત્સાહ

# રેમ્પ પર ચાલીને યુવાઓનું અભિવાદન ઝીલ્યું

**મિમ કલ્ચર, ડિજિટલ કન્ટેન્ટ અને સ્પોર્ટ્સ ઈવેન્ટ જેવી રજૂઆતથી કાર્યક્રમ બન્યો યાદગાર**

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરામાં યોજાયેલા કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો પ્રભાવશાળી ‘ઓરા’ સમગ્ર કાર્યક્રમ દરમિયાન જોવા મળ્યો હતો. પરંપરાગત કાર્યક્રમોથી અલગ, યુવાઓ સાથે સીધો અને જીવંત સંવાદ સ્થાપિત થાય તેવો માહોલ સર્જાયો હતો. મંડપની વચ્ચે તૈયાર કરાયેલા વિશેષ રેમ્પ પરથી વડાપ્રધાન યુવાઓ વચ્ચે ચાલીને પહોંચ્યા અને તેમની સાથે આત્મીયતા વ્યક્ત કરી હતી.

રેમ્પ પર વડાપ્રધાનના આગમન સાથે જ યુવાઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. હર્ષનાદ અને ઉલ્લાસભેર તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ટ્રેન્ડિંગ સોંગ્સ અને ટ્યુન સાથે તેમના આગમનને વધાવતા યુવાનો ઝૂમી ઉઠ્યા હતા, જ્યારે મોદીએ પણ યુવાઓની ઊર્જાને સહજતાથી સ્વીકારી હતી.

યુવા પેઢી સાથેના સંવાદ દરમિયાન મોદીએ આજના યુવાનોમાં લોકપ્રિય ‘મિમ કલ્ચર’ની ભાષાશૈલીનો પણ સહજ ઉપયોગ કર્યો હતો. ગંભીર અને મહત્વપૂર્ણ મુદ્દાઓને સરળ, રમૂજી અને યુવાનોને સ્પર્શે તેવી શૈલીમાં રજૂ કરતાં તેમણે વાતાવરણને હળવું બનાવ્યું હતું.

કેટલાક યુવાઓએ પોતાની કલા અને સર્જનાત્મકતા રજૂ કરી હતી. મોદીએ ચાલુ સંબોધન દરમિયાન જ આ કૃતિઓની નોંધ લઈ તેને પોતાની પાસે મંગાવી હતી.

સમગ્ર કાર્યક્રમની રજૂઆતમાં પણ નવીનતા જોવા મળી હતી. કાર્યક્રમનું પ્રસારણ જાણે કોઈ સ્પોર્ટ્સ ઈવેન્ટનું લાઇવ કવરેજ ચાલી રહ્યું હોય તેવી ઊર્જાસભર શૈલીમાં કરવામાં આવ્યું હતું. મંચ પરની પ્રવૃત્તિઓ સાથે યુવાઓની પ્રતિક્રિયાઓ અને લાગણીઓને પણ વિશેષ સ્થાન અપાયું હતું.



વડાપ્રધાનના સંબોધન દરમિયાન વિશાળ સ્ક્રીન પર યુવાઓના પ્રતિભાવો સતત દર્શાવવામાં આવતા રહ્યા હતા. અનેક યુવાઓ એકસાથે ચારથી પાંચ મોબાઇલ ફોનનો ઉપયોગ કરીને વડાપ્રધાન પ્રત્યેની પોતાની લાગણીઓ અને વિચારો વ્યક્ત કરતા જોવા મળ્યા હતા. ટેક્નોલોજી અને યુવા અભિવ્યક્તિના આ સમન્વયે કાર્યક્રમને ડિજિટલ યુગની નવી સંવાદશૈલી સાથે જોડી દીધો હતો.એક તરફ વડાપ્રધાનનું પ્રેરણાદાયી સંબોધન હતું, તો બીજી તરફ યુવાઓની ભાષા, ડિજિટલ કન્ટેન્ટ, ટેક્નોલોજી અને જીવંત પ્રસ્તુતિ દ્વારા સમગ્ર કાર્યક્રમને તેમની સાથે વધુ સુસંગત બનાવવામાં આવ્યો હતો.

રેમ્પ પર યુવાઓ વચ્ચે પહોંચવું, મિમ કલ્ચરનો ઉપયોગ કરવો, ડિજિટલ માધ્યમથી યુવાઓની લાગણીઓને સ્થાન આપવું અને સ્પોર્ટ્સ ઈવેન્ટ જેવી જીવંત રજૂઆત–આ તમામ પાસાંઓએ વડોદરાના કાર્યક્રમને યુવા પેઢી માટે ખાસ યાદગાર બનાવ્યો હતો.

### વડાપ્રધાન મોદીને વડોદરાવાસીઓએ વડના વૃક્ષનું બોનસાઈન ભેટ આપ્યું



૭ હજાર સફાઈદૂતો અને ‘ક્લીન અપ વડોદરા’ના વોલન્ટિયર્સે ‘મેરા શહેર, મેરી ઝિમ્મેદારી’ના સંકલ્પ સાથે વડના વૃક્ષનું બોનસાઈ ભેટ આપ્યું હતું. વારસો અને જળ સંરક્ષણ ક્ષેત્રના પ્રતિનિધિઓએ ગાયના છાણમાંથી બનેલી ‘ગૌ-ગણેશજી’ની મૂર્તિ અર્પણ કરી હતી. આંગણવાડી અને આશા વર્કર બહેનોએ વડની થીમ આધારિત મધુબની પેઇન્ટિંગ ભેટ આપી હતી.

### મોદીને જોઈ ચેસ ટ્રેનર વિશ્વા ભાવુક



વડોદરામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને નજીકથી જોઈ જૂનાગઢની 23 વર્ષીય ચેસ ટ્રેનર વિશ્વા વાડોયા ભાવુક થઈ ગઈ હતી. તેમણે કહ્યું, “આજે મેં મારા ભગવાનને જોયા.” ખેલ મહાકુંભથી કારકિર્દીને વળાંક મળ્યો હોવાનું જણાવી વિશ્વાએ કહ્યું કે આજે તેઓ SAGમાં ચેસ કોચ તરીકે કાર્યરત છે.

### વડોદરામાં ‘વિકસિત ભારત રન’



વડોદરામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આગમનને લઈને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. પ્રવાસને યાદગાર બનાવવા ‘વિકસિત ભારત રન’નું આયોજન કરાયું હતું. રેલીમાં ઉપમુખ્યમંત્રી હર્ષ સંઘવી, વડોદરાના સાંસદ ડૉ. હેમાંગ જોશી સહિત મોટી સંખ્યામાં એમ.એસ. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ જોડાયા હતા. કાર્યક્રમમાં નવી શિક્ષણ નીતિ, યુવા કૌશલ્ય અને Gen-Zની ભૂમિકા અંગે ચર્ચા થઈ હતી. યુવાનો દેશનું ભવિષ્ય હોવાનું જણાવી તેમની શક્તિના યોગ્ય ઉપયોગથી વિકાસને વેગ મળવાનો વિશ્વાસ વ્યક્ત કરાયો હતો.

### ફ્રી ફૂડ પેકેટ વિતરણ વખતે ધક્કા-મુક્કી




MSU પેવેલિયન ગ્રાઉન્ડ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમ બાદ ફ્રી ફૂડ પેકેટના વિતરણમાં ભારે અવ્યવસ્થા સર્જાઈ હતી. જગદીશ ફૂડ પ્રાઈવેટ લિમિટેડના કાઉન્ટર પર મોટી ભીડ ઉમટતા ધક્કામુક્કી અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ભીડ નિયંત્રણની પૂરતી વ્યવસ્થા ન હોવાથી લોકોને મુશ્કેલી પડી હતી. આ દરમિયાન ભાજપ વોર્ડ નં. 8ના સંગઠન મંત્રી માયાબેન પીથલનો મોબાઈલ ફોન પણ ભીડમાં ખોવાઈ ગયો હતો. માયાબેને નબળી વ્યવસ્થા સામે રોષ વ્યક્ત કરતાં આક્ષેપ કર્યો હતો કે ધક્કામુક્કી દરમિયાન અન્ય લોકોના મોબાઈલ, પર્સ અને સોનાની ચેન સહિતની કિંમતી વસ્તુઓ પણ ગુમ કે ચોરી થઈ છે. બનાવને પગલે VIP કાર્યક્રમોમાં સુરક્ષા અને આયોજન સામે સવાલો ઊઠ્યા હતા.

## વડાપ્રધાનના આગમન પહેલા કોંગ્રેસ પ્રમુખ સહિતના નેતાઓ નજરકેદ

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડાપ્રધાનના વડોદરા આગમન પહેલા શહેરમાં પોલીસ દ્વારા સુરક્ષા વ્યવસ્થા વધુ કડક કરવામાં આવી છે. આ દરમિયાન વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિક જોષી સહિત કોંગ્રેસના કેટલાક નેતાઓ અને કાર્યકર્તાઓને પોલીસે નજરકેદ કર્યા હતા. ઋત્વિક જોષીને સવારથી તેમના ઘરે જ નજરકેદ રાખવામાં આવ્યા હતા. દરમિયાન તેઓ કામ અર્થે ઘરેથી બહાર નીકળતા જ પોલીસે તેમને અટકાયતમાં લીધા હતા. બીજી તરફ, કોંગ્રેસના અન્ય નેતાઓ અને કાર્યકર્તાઓને પણ તેમના નિવાસસ્થાનેથી



બહાર ન નીકળવા દેવા માટે પોલીસ દ્વારા નજરકેદ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. વડાપ્રધાનના કાર્યક્રમ દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસે આ તકેદારીના પગલાં લીધા હોવાનું જાણવા મળે છે.

## વહીવટી અપરિપક્વતા, પાણીની અછતથી યુવાનોમાં ભારે આક્રોશ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૮

શહેરની એમ. એસ. યુનિવર્સિટીના પેવેલિયન ગ્રાઉન્ડ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રેલવે તંત્ર દ્વારા આયોજિત મહત્વાકાંક્ષી ‘નમો વિકસિત ભારત’ અંતર્ગત ‘ઝેન ઝી’ યુવા સંવાદ કાર્યક્રમ ભારે ભીડ અને રેલવે તંત્રના ગંભીર મિસ મેનેજમેન્ટના કારણે વિવાદોમાં ઘેરાયો છે.

સભા સ્થળના મુખ્ય ડોમની અંદર હજારોની સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા, પરંતુ તંત્ર દ્વારા પીવાના પાણીની પૂરતી અને યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી ન હતી. ભીડ અને ગરમીના કારણે સર્જાયેલા ભારે ઉકળાટ વચ્ચે પીવાનું પાણી પણ ઉપલબ્ધ ન થતા વિદ્યાર્થીઓમાં તંત્ર સામે ભારે આક્રોશ ફેલાયો હતો. આ અસહ્ય અસુવિધાથી નારાજ થઈને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ વડાપ્રધાનનું સંબોધન સાંભળ્યા વિના જ કાર્યક્રમ અધવચ્ચે છોડીને ડોમની બહાર નીકળી ગયા હતા.

અંદાજે ૪૨,૦૦૦ થી વધુ લોકો વેઈટિંગ લિસ્ટમાં હોવા છતાં ગ્રાઉન્ડની વાસ્તવિક ક્ષમતાનું આકલન કરવામાં આયોજકો સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યા હતા. ક્ષમતા કરતાં અનેકગણી વધુ ભીડ ઉમટતાં સુરક્ષા કારણોસર ગ્રાઉન્ડના દરવાજા વહેલા બંધ કરી દેવાયા હતા.

### ખાનગી શાળાની ફી મનમાની સામે તંત્ર હરકતમાં

# વાલીઓની ફરિયાદ બાદ પરિવાર સ્કૂલને 30 દિવસમાં અહેવાલ મોકલવા FRCનો આદેશ

**મેદાન** વગર કોન્સેપ્ટના નામે ઉઘરાણી સહિત 7 ગંભીર આક્ષેપો

(પ્રતિનિધિ) વડોદરા,તા.8

વડોદરાની ખાનગી શાળાઓની મનમાની સામે વાલીઓના વિરોધ બાદ હવે તંત્ર હરકતમાં આવ્યું છે. વડોદરાની પરીવાર વિદ્યાલય સ્કૂલ સામે વાલીઓએ કરેલી ફરિયાદને ગંભીરતાથી લઈ ગાંધીનગર સ્થિત ફી રિવિઝન કમિટી એ ફી નિયમન સમિતિ, વડોદરાને તપાસના આદેશ આપ્યા છે.

વડોદરાની પરિવાર સ્કૂલના વાલીઓની લેખિત અરજીના આધારે ગાંધીનગરના શિક્ષણ નિરીક્ષક દ્વારા વડોદરા એફઆરસીને પત્ર પાઠવવામાં આવ્યો છે. વાલીઓના મુખ્ય આક્ષેપોમાં શાળા દ્વારા એફઆરસી એક્ટ 2017 ના




નિયમોનું પાલન કરવામાં આવતું નથી. વધારાની ફી વસૂલાત અંગે જિલ્લા શિક્ષણાધિકારીને ફરિયાદ આપેલ છે. શાળા પાસે એક્ટિવિટી માટે કોઈ મેદાન ન હોવા છતાં બળજબરીથી કન્સેપ્ટના નામે પૈસા લેવામાં આવે છે, જેની પાવતી પણ અપાતી નથી. વાલીઓ પાસેથી ગેરકાયદેસર ઉઘરાવેલ ફી પરત આપવા બાબતે કોઈ ઉલ્લેખ કરાયો નથી. ગેરકાયદે લીધેલી ફી વ્યાજ સાથે પરત આપવાની કાયદાની જોગવાઈનું પાલન થતું નથી. આરટીઈ અંતર્ગત અભ્યાસ કરતા બાળકો પાસેથી પણ વધારાની ફી વસૂલવામાં આવે છે. એફઆરસી દ્વારા મંજૂર થયેલ ઓર્ડર સ્કૂલના બોર્ડ કે વેબસાઈટ પર મુકવામાં આવતા નથી. પત્રમાં ગુજરાત સ્વ. નિ.શાળા (ફી નિયમન) કાયદો 2017 ની કલમ 14(1) નો ઉલ્લેખ કરી જણાવાયું છે કે - પ્રથમ ઉલ્લંઘન માટે 5 લાખ સુધીનો દંડ, બીજા ઉલ્લંઘન માટે ઓછામાં ઓછા 5 લાખથી 10 લાખ સુધીનો દંડ અને ત્રીજા ઉલ્લંઘને શાળાનું રજીસ્ટ્રેશન એનઓસી રદ કરવા અથવા પાછું ખેંચી લેવાની કાર્યવાહી થઈ શકે છે. એફઆરસી એ વડોદરા ફી નિયમન સમિતિને આ ફરિયાદ રજીસ્ટર કરી, શાળાને નોટિસ આપી સાંભળીને 30 દિવસમાં ન્યાયિક નિર્ણય કરી વિગતો મોકલવા આદેશ કર્યો છે.

# મુન્દ્રા એર ટેક્સીમાં મોંઘવારીનો ઝટકો ભાડું ૮૦૦થી સીધું ૨૭૮૩ પર

**સસ્તી** હવાઈ સેવાની શરૂઆતની ઓફર પૂરી, નવા દર લાગુ

(પ્રતિનિધિ) વડોદરા,તા.8

કચ્છના મુન્દ્રાને ગુજરાતના મુખ્ય શહેરો સાથે જોડતી એર ટેક્સી સેવામાં મુસાફરી હવે મોંઘી બની ગઈ છે, જેની સીધી અસર વડોદરાવાસીઓને થશે. કંપનીએ પોતાની પ્રારંભિક રાહતદરની ઓફર પૂરી કરીને ભાડામાં ત્રણથી પાંચ ગણો જંગી વધારો ઝીંકી દીધો છે.

મળતી માહિતી મુજબ કંપનીએ આજથી આગામી સપ્ટેમ્બરથી 16 સપ્ટેમ્બર સુધીના પ્રવાસ માટે નવા દર સાથે બુકિંગ શરૂ કર્યું છે. મુન્દ્રા - વડોદરા પહેલા 900 હતું, હવે 2,783 + GST અને મુન્દ્રા - રાજકોટ પહેલા 499 હતું, હવે 1,899 + GST સાથે થયું છે. જ્યારે, મુન્દ્રા - દીવ પહેલા 589 હતું, હવે 2,568 + GST સાથે કરવામાં આવ્યું છે. હજુ સુધી મુન્દ્રા-જામનગર રૂટના ચોક્કસ




નવા દરની વિગતો જાહેર થઈ નથી. શરૂઆતમાં માત્ર 499, 589 અને 900ના ટોકન દરે હવાઈ મુસાફરી મળતી હોવાથી વડોદરા સહિતના ઔદ્યોગિક શહેરોના વેપારીઓ અને નોકરિયાત વર્ગમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ઓછા સમયમાં કચ્છ પહોંચવાની સુવિધા મળતા અનેક લોકોએ આ સેવાનો લાભ લીધો હતો. જોકે હવે ભાડામાં એકસામટો વધારો થતા નિયમિત અપ-ડાઉન કરતા મુસાફરોના બજેટ પર સીધી અસર પડશે. વડોદરાના વેપારી આલમ માટે આ રૂટ મહત્વનો છે કારણ કે કચ્છ અને વડોદરા વચ્ચે ઔદ્યોગિક અવરજવર મોટા પ્રમાણમાં રહે છે.

### વોટ્સએપ ટ્રેડિંગ ગ્રુપમાં ફસાવી રૂ.૭૬.૫૬ લાખ પડાવ્યા

# કરોડોના નફાની લાલચ આપી નિવૃત્ત મેનેજરને રૂ.૭૦.૪૬ લાખનો ચુનો ચોપડ્યો

**એપમાં** રૂ.૧૦.૮૯ કરોડનો નફો દેખાડ્યો, રૂપિયા ઉપાડવા જતાં ઠગો રફુચક્કર

(પ્રતિનિધિ) વડોદરા તા.8

શેરબજારમાં રોકાણ કરવાથી થોડા સમયમાં કરોડોનું વળતર મળશે તેવી લાલચ આપી સાયબર ઠગોએ ગોત્રીના 58 વર્ષીય નિવૃત્ત મેનેજરને વોટ્સએપ ટ્રેડિંગ ગ્રુપમાં ફસાવી રૂ.70.46 લાખની છેતરપિંડી કરી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. ઠગોએ શરૂઆતમાં રૂ.10 હજારનું રોકાણ કરાવી તે રકમ પરત આપી વિશ્વાસ જીત્યો હતો. ત્યારબાદ અલગ-અલગ બેંક ખાતામાં રૂ.76.56 લાખ ટ્રાન્સફર કરાવ્યા હતા. ઓનલાઈન ટ્રેડિંગ એપમાં રૂ.10.89 કરોડથી વધુનો નફો દેખાડ્યા બાદ રકમ ઉપાડવાનો પ્રયાસ કરતાં ઠગો ગાયબ થઈ ગયા હતા.

ગોત્રીના તીર્થ ટેનામેન્ટમાં રહેતા નંદકિશોર હરિપ્રસાદ અસવાલ અગાઉ Schaeffler India Ltd.માં મેનેજર તરીકે ફરજ બજાવતા હતા. જુલાઈ દરમિયાન તેમના મોબાઈલ નંબરને વોટ્સએપના ટ્રેડિંગ ગ્રુપમાં જોડવામાં આવ્યો હતો. ત્યારબાદ ‘VIP Market-Nandkishore’ અને ‘0732 HDFC Securities’ નામના ગ્રુપમાં પણ તેમને સામેલ કરાયા હતા.

ગ્રુપમાં નિશા વર્મા નામની મહિલાએ પોતાને આસિસ્ટન્ટ તરીકે ઓળખાવી હતી. તેણે શેરબજારમાં રોકાણ માટે માર્ગદર્શન, ટીપ્સ અને સારા વળતરની વાતો કરી અસવાલને રોકાણ કરવા પ્રોત્સાહિત કર્યા હતા. આરોપીઓએ HDFC Securitiesમાં રજિસ્ટ્રેશન કરાવ્યાનું જણાવી વિવિધ બેંક ખાતામાં નાણાં ટ્રાન્સફર કરાવ્યા હતા.

શરૂઆતમાં અસવાલે રૂ.10 હજાર ટ્રાન્સફર કર્યા હતા. થોડા સમય બાદ આ રકમ પરત મળી જતાં તેમને ઠગોની વાત પર વિશ્વાસ બેઠો હતો. આ વિશ્વાસનો લાભ લઈ આરોપીઓએ તબક્કાવાર મોટી રકમનું રોકાણ કરાવ્યું હતું. અંતે કુલ રૂ.76.56 લાખ વિવિધ ખાતામાં ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા. દરમિયાન ટ્રેડિંગ એપમાં રોકાણ પર મોટો નફો થયો હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. એક તબક્કે ખાતામાં રૂ.10.89 કરોડથી વધુનું વળતર દેખાડવામાં આવ્યું હતું. જોકે, રકમ ઉપાડવાનો પ્રયાસ કરતાં આરોપીઓએ બહાના શરૂ કર્યા હતા. રૂ.76.56 લાખમાંથી માત્ર રૂ.6.10 લાખ પરત મળ્યા, જ્યારે રૂ.70.46 લાખ પરત ન મળતાં અસવાલને છેતરપિંડીનો ખ્યાલ આવ્યો હતો. આથી તેમણે સાયબર ક્રાઈમ પોલીસનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી વોટ્સએપ ચેટ, બેંક વ્યવહારો, ટ્રેડિંગ એપ તથા HDFC Securities અને SEBIના નામે મોકલાયેલા દસ્તાવેજોની તપાસ શરૂ કરી છે. આરોપીઓએ કયા ખાતામાં રકમ મંગાવી અને રેકેટમાં કેટલા લોકો સંડોવાયેલા છે તેની પણ તપાસ ચાલી રહી છે.